# શહેરમાં ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે વિશેષ આયોજનો

ગાંધીનગર, તા. ૧૩

ભારત રત્ન તથા બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ સમગ્ર ગાંધીનગરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. વિવિધ સંસ્થાઓ દ્વારા ઉજવણી માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ ઉપરાંત મહારેલી, વક્તૃત્વ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

● અનુસૂચિત જાતિ વિકાસ ટ્રસ્ટ દ્વારા મહારેલી યોજાશે

અનુસૂચિત જાતિ વિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અંબિકા ચોક, શ્રી અંબે મંદિર, સેક્ટર-૧૪ થી મહારેલીનું પ્રસ્થાન કરી સે. ૧૪માં અંદરના રીંગરોડ ઉપર થઈ ખ-૫, ગ-૫, ગ-૫ અને ચ-૫ થઈ ચ-રોડ ઉપર આવેલ ડૉ. બાબાસાહેબની પ્રતિમા આગળ ચ-૪ ખાતે સમાપન થશે. આ મહારેલીમાં ગાંધીનગરની પ્રત્યેક સોસાયટીઓમાં વસતા અનુસૂચિત જાતિના દરેક પરિવારને પોત પોતાના વાહનો તથા વાજીંત્રો સાથે રેલીમાં જોડાવવા ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ પરમાર દ્વારા અનુરોધ કરાયો છે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા વક્તવ્યનું આયોજન

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ સાંજે ૫.૪૫ કલાકે સે. ૧૨, આંબેડકર ભવન ખાતે ડૉ. આંબેડકરના ગ્રંથ ડૉ. આંબેડકર : ગોળમેજી પરિષદમાં વિષય ઉપર જાણીતા લેખક અને વિવેચક હરીશ મંગલમ દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. આ વક્તવ્યમાં સર્વે નગરજનોને હાજર રહી લાભ લેવા મંચના નિમંત્રક સાહિલ પરમારે જણાવ્યું છે.

● ડેમોક્ટેરિટ પીપલ્સ એસોસિએશન દ્વારા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાશે

ભારત દેશના ઉત્કૃષ્ટ બંધારણના ઘડવૈયા તથા રાષ્ટ્રનિર્માતા અને સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના ત્રિસૂત્રની વિશ્વને ભેટ અર્પણ કરનારા એવા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશન ગુજરાત, ગાંધીનગર દ્વારા તા. ૧૪મી એપ્રિલના રોજ સવારે ૯.૦૦ કલાકે પ્રેરણા ભૂમિ ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા સંકુલ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાશે. જેમાં સંસ્થાના સર્વે સભ્યોને તેમજ નગરજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ભાનુકાન્ત પરમાર અને મહામંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



● વિ ઈલેવન પરિવાર દ્વારા રેલીનું આયોજન

ગાંધીનગરના અગીયાર ગોળ વણકર સમાજના પરિવારોની બનેલી સામાજીક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતા વિ ઈલેન પરિવાર દ્વારા ૧૪મી એપ્રિલના રોજ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતના બંધારણના ઘડવૈયા અને દલિતોના મસિહા એવા ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે વિ ઈલેવન પરિવાર દ્વારા ગાંધીનગર ઘ-૪ રોડથી બેનરો સાથે રેલી સ્વરૂપે સવારે ૯.૦૦ કલાકે આ મહાનુભવના સ્ટેચ્યુને ફૂલહાર કરવામાં આવશે. આ રેલીમાં તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા પરિવારના પ્રમુખ જી.કે. પરમાર અને મહામંત્રી એચ.જે. રાઠોડ દ્વારા જણાવાયું છે.

● શ્રી છેડાલ પરગણા વણકર સમાજ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાશે

છેડાલ પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે ૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વિધાનસભા સામે આવેલી ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનું આયોજન કરાયું છે. પુષ્પાંજલિ કાર્યક્રમમાં આવેલા નગરજનોને છેડાલ પરગણા વણકર સમાજ દ્વારા નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના પ્રમુખ નયન સોલંકી ક્રેડીટ સોસાયટીના પ્રમુખ ચંદ્રકાન્ત જાદવ, મહિલા ક્રેડીટ સોસાયટીના પ્રમુખ સવિતાબેન સોલંકી, બાબુભાઈ સોલંકી, વિજય રાઠોડ, દક્ષાબેન પરમાર, ઉલ્પાબેન જાદવ, મણીલાલ સોલંકી, મનિષભાઈ પરમાર તેમજ મણીલાલ પરમાર સહિતના કારોબારી સભ્યો હાજર રહેશે.

● સે. ૩-સી ઉત્કર્ષ સોસાયટીના રહિશો દ્વારા મશાલ સરઘસનું આયોજન

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ પ્રસંગે સેક્ટર-૩-સી ઉત્કર્ષ સોસાયટીના રહીશો દ્વારા તા. ૧૪મી એપ્રિલના રોજ સાંજે ૭.૩૦ કલાકે અંબાજી મંદિર, શક્તિ ચોક, સે. ૩-સીના મેદાન ખાતે સૌ રહીશો એકઠા થશે. ત્યારબાદ ૭.૪૫ કલાકે રેલી સ્વરૂપે રીંગરોડ સરકારી પ્રાથમિક શાળા જૈન દેરાસર થઈ સે. ૩-ડી રામજી મંદિરના પટાંગણમાં રેલી સભાના રૂપે ફેરવાશે. જ્યાં ડૉ. આંબેડકરની તસવીરને ફૂલહાર કરવામાં આવશે. આ પ્રસંગે સર્વે નગરજનોને હાજર રહેવા રહિશોએ જણાવાયું છે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્તપણે વિશ્વવિભૂતિ, ભારતરત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી ઉજવણી પ્રસંગે બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે, વિધાનસભાની સામે, સેક્ટર-૧૭ ખાતે યોજાશે. સર્વે કોંગ્રેસજનો સમયસર અચૂક ઉપસ્થિત રહેવા શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ અને જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ અનુરોધ કર્યો છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

બેંક ઓફ ઈન્ડિયાની નવી શાખાનું 'ગીફટસીટી' ઉદ્‌ઘાટન તા. ૧૩ના રોજ કરવામાં આવ્યુ હતુ. આ સાથે ૫૦૪૦મી શાખાને ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. જે.એન. સિંઘ,આઈએએસ એસીએસ ફાઈનાન્સ, કૌશિક ભીમજીયાણી આઈએએસ, ડીડીઓ ટી. સુધાકર, જનરલ મેનેજર આર.કે. મિત્રા, જનરલ મેનેજર, અખિલેશ જલોટા ઝોનલ મેનેજર તેમજ મોટી સંખ્યામાં બેંકના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઈડરમાં ડૉ. બાબાસાહેબની જન્મ જયંતિ ઉજવાશે

હિંમતનગર, તા. ૧૩

ભારતીય સંવિધાન નિર્માતા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત ઈડર ખાતે બુધવારે નવરાત્રિ ચોક છાપરીયા ઈડર ખાતે મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં ૧૨૫ બોટલ રકત એકત્ર કરવા માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ઈડર નગરપાલિકા પ્રમુખ કાન્તાબેન. બી. પરમાર તથા ભાણપુર વસાહતવાળા નટુભાઈ એમ. પરમાર ઉપસ્થિત રહેશે. ૧૪મી એપ્રિલને ગુરવારે સવારે ૧૧-૦૦ કલાકે બાઈક રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો ભાગ લેશે.

## અમરેલીના સાંસદ નારણ કાછડિયાને ૩ વર્ષની સજા : ૧૧મી મે સુધી મોકૂફ

અમરેલી,તા. ૧૩

અમરેલી જિલ્લાના ભાજપ સાંસદ નારણ કાછડિયાને સેશન્સ કોર્ટે આજે ત્રણ વર્ષની સજા ફટકારી હતી. જો કે, સજા ૧૧મી મે સુધી મોકૂફ પણ રાખી છે. આ ગાળા દરમિયાન કાછડિયા જામીન અરજી માટે હાઈકોર્ટમાં અપીલ કરી શકશે. ડોક્ટરને માર મારવાનો આ મામલો કોર્ટમાં હતો. નારણ કાછડિયા સામે ત્રણ વર્ષ પહેલા અમરેલીની સિવિલ હોસ્પિટલમાં તબીબ સાથે મારામારીનો કેસ હતો. અમરેલી સિવીલ હોસ્પિટલમાં ભાજપના મહિલા મોરચાના એક આગેવાનના પુત્રને સારવાર આપવાના મુદ્દે મહિલા આગેવાન ઉપરાંત સાંસદ નારણભાઈ કાછડીયા અને ડોક્ટર વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. સાંસદ સાથે રહેલા એક અજાણ્યા શખ્સે ડૉક્ટરને ફડાકા ઝીંકી દેતા હોસ્પિટલનો સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો હતો. પોલીસ અને ભાજપના અન્ય આગેવાનો પણ હોસ્પિટલે દોડ આવ્યા હતા. ડૉક્ટરે આ કેસમાં મોડેથી સાંસદ કાછડીયા સહિત પંદર શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવી હતી. અમરેલી જિલ્લા ભાજપના મહિલા મોરચાના આગેવાન મધુબેન જોષીના પુત્ર રવિ (ઉ.વ.૨૩)ને ત્રણ વર્ષ પહેલા ચલાલામાં કેટલાક શખ્સોએ માર માર્યો હતો. મધુબેને આક્ષેપ કર્યો હતો કે આ સમયે ફરજ પરના ડૉક્ટર ભીમજીભાઈ ડાભીને તેને સારવાર આપવાના બદલે બહાર નિકળી જવા કહ્યું હતુ. ડૉક્ટરે આ રીતે હડધુત કરતા તેમણે સાંસદ નારણભાઈ કાછડીયાને ફોન કરતા તેઓ પણ સીવીલ હોસ્પિટલે દોડી આવ્યા હતા અને ડૉક્ટર સાથે મારામારી કરી હતી. ૨૫ એપ્રિલ ૧૯૫૫નાં રોજ જન્મેલા નારણભાઈ કાછડિયા ભારતીય જનતા પાર્ટીનાં સભ્ય છે.

# ગુડા દ્વારા વાવોલ અને કુડાસણમાં રસ્તાના કામોનું ભૂમિપૂજન કરાયું

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આજે સત્તામંડળ વિસ્તારના નગર રચના યોજના નં. ૬ (કુડાસણ), ૭ (સરગાસણ) અને ૧૩ (વાવોલ)ના રસ્તા સહીતના વિવિધ કામોનું ભૂમિપૂજન કરવામાં આવ્યુંહતું.

ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે ગુડા દ્વારા વિકાસના કામો હાથ ધરાયેલ છે. જે ગુડાના અધ્યક્ષની રાહબરી હેઠળ લોકોની જરૂરીયાત અનુસાર વિકાસના કામો હાથ ધરાયા છે. હાલ ગુડા વિસ્તારમાં જે ગતિથી બાંધકામ થઈ રહેલ છે. તેની સામે રસ્તા, પાણી, ડ્રેઈનેજ વ્યવસ્થા માટે ગુડા દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જે પ્રશંસનીય છે અને વિકાસ થયેલ વિસ્તારોમાં સુવિધા પુરી પાડવા માટે વિસ્તારના વિકાસની સાથે સાથે લોકોની જરૂરીયાતો મુજબના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે તથા ગુડાના અધ્યક્ષ દ્વારા આ પ્રસંગે ગુડાના વિકાસ યોજનાઓનો સંક્ષિપ્ત અહેવાલ આપેલ હતો જેમાં ગુડા દ્વારા ટુંક સમયમાં એલઆઈજી-વનના ૭૫ ટકા જેટલા મકાનો લાભાર્થીઓને સુપરત કરેલ છે. રસ્તાઓની કામગીરી જે ગુડાની ટીમ દ્વારા જે રસ્તા ખુલ્લા કરવામાં આવી રહેલા છે, રસ્તાના નિર્મામ કરવાનું કામ તથા ડ્રેઈનેજનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. ગુડા દ્વારા આજે અંદાજીત ટી.પી. સ્કીમ નં. ૬, ૭ અને ૧૩ માટે રૂ. ૩૮૯ લાખના ખર્ચે આ રસ્તાનું નિર્માણ કરવામાં આવશે. જેમાં રસ્તાની લંબાઈ આશરે ૫.૦૦ કિ.મી. રહેશે.



## રાજયમાં પાણીની અછતથી આઠ જિલ્લાઓ સૌથી વધુ અસરગ્રસ્ત : રૂપાણી

રાજ્યમાં પીવાના પાણી અને ઘાસચારાની અછતથી કુલ આઠ જિલ્લાઓ વધુ અસરગ્રસ્ત છે. આ જિલ્લાઓને અપાતા પાણીના જથ્થામાં વધારો કરીને પાણીનો વધુ જથ્થો પુરો પાડવામાં આવે છે. એમ જણાવીને રાજયના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે પીવાના પાણીની ફરીયાદો અને તેના નિવારણ માટે એક કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે.

રાજયમાં પીવાના પાણીની સ્થિતિ અંગેની વિગતો આપતા રાજ્યના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષદરમ્યાન રાજ્યમાંઅપુરતોવરસાદ થતા આ વર્ષે રાજયના આઠ જિલ્લાઓમાં પીવાના પાણીની તંગી ઉભી થવા પામી છે. રાજયના અસરગ્રસ્ત ૨૩૧ ગામમાંઅને ૨૦૯ પરાઓમાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. અંદાજે ૮૫૫ ફેરાઓ ટેન્કરોના ચાલે છે. તેમણે જણાવ્યું હતું કે પીવાના પાણીની અછતવાળા હજુ ૫૦૦ ગામ વધશે તેવી પણ તેમણે ભીતી વ્યક્ત કરી હતી.

## આપની આજ

નરેન્દ્ર શાહ

(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ કર્ક

### આજના ગ્રહોની કુંડળી




**ચંદ્ર સવારે સાડા આઠે કર્કમાં પ્રવેશે છે. ચૈત્રી નવરાત્રી ચાલે છે. મીનારક કમૂરતાં પૂરા થયા. ચાંડાલ યોગ ચાલે છે. આવતીકાલે રામનવમી છે. સૂર્ય, શુક્ર ઉચ્ચના અને ચંદ્ર, મંગળ, સ્વગૃહી છે.**

**મેષ** રાશિમાં ઉચ્ચનો સૂર્ય બુધ તેમજ બારમે ઉચ્ચનો શુક્ર તમારે માટે સુંદર ગ્રહયોગ ઉત્પન્ન કરે છે - સારો યોગ છે. આજનો તમારો દિવસ આનંદમાં જશે.

**વૃષભ** સ્થાનોની દ્રષ્ટિએ બારમે ઉચ્ચનો સૂર્ય અને ઉચ્ચનો શુક્ર આજે તમોને વિખવાદોમાં સપડાવે - સારા નરસા બનાવો બને - માટે સાવધાનીથી સમય પસાર કરવો.

**મિથુન** અગિયારમે ઉચ્ચનો સૂર્ય અને દસમે શુક્ર તેમજ બીજે સ્વગૃહી ચંદ્ર તમારા માટે બધી રીતે ઉચ્ચના યોગો ઉત્પન્ન કરે છે તેથી આપનો દિવસ સારો જશે.

**કર્ક** આપની રાશિનો માલીક ચંદ્ર આપની રાશિમાં છે તેમજ દસમે ઉચ્ચનો સૂર્ય બુધ છે નવમે ઉચ્ચનો શુક્ર છે. બીજે ચાંડાલયોગ છે - મિશ્રફળવાળો આપનો દિવસ આજે જાય.

**સિંહ** રાશિમાં ચાંડાલયોગ છે જે કુંડળીના બીજા બધા સારા યોગોને નષ્ટ કરનાર છે તેમ છતાંય ઉચ્ચના ગ્રહો જરૂરથી તમોને ઓછું નુકસાન કરાવે. મિશ્રફળવાળો દિવસ જાય.

**કન્યા** બારમે ચાંડાલ યોગના કારણે બધા જ સારા ગ્રહોના યોગોનું શુભત્વ નષ્ટ કરે છે. તેમ છતાં ઉચ્ચના ગ્રહો તમોને જરૂરથી મદદકર્તા નીવડશે અને દિવસ આનંદમાં જશે.

**તુલા** સાતમે ઉચ્ચનો સૂર્ય તમારા જીવનસાથી સાથે ચડભડ ઉભી કરશે તેમજ તમોને બીજે મંગળ ક્રોધી બનાવશે માટે કૌટુંબિક સુખ શાંતિ જાળવવા માટે સંયમ રાખશો.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં વક્રી શનિ સાજો છે તેમજ દસમે ચાડાંલયોગ ચાલે છે જેથી તમારો સમય બધી રીતે ખરાબ ચાલે છે - ભક્તિ પૂજામાં સમય વિતાવશો તો સારું.

**ધન** બારમે શનિ મંગળની યુતિથી તમોને પડવા - વાગવા - દાઝવાથી ઈજા થવાની સંભાવના છે માટે ઈશ્વર - સ્મરણ અને ભક્તિ પૂજામાં તમારો સમય વિતાવશો તો સારું.

**મકર** સાતમે સ્વગૃહી ચંદ્ર જીવનસાથી પ્રત્યેના તમારા આકર્ષણને અનેકગણું વધારી દે તેમ છે સમય સારો પસાર થશે. કૌટુંબિક સુખ શાંતિમાં વધારો થશે. દિવસ આનંદમાં જશે.

**કુંભ** સાતમે ચાંડાલ યોગ સારો નથી જેથી તમારી વાણી ઉપર ખરાબ અસરો થાય તેમ છે. અપશબ્દો ઉચ્ચારશો નહીં જેથી તમારા સંબંધો બગડે નહીં.

**મીન** રાશિમાં શુક્ર તમોને વિલાસી બનાવે - અયોગ્ય ખર્ચા કરાવે - ધ્યાન રાખીને ચાલશો તો સારું - નહીં તો ખર્ચા થઈ ગયા પછી પસ્તાવાનો વારો આવશે.

## લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

વાંચી જોજો... ભીમરાવ આંબેડકરને પૂરા સમજ્યા વગર કોઈ એક સમાજના વાડામાં સીમિત કરીને બહુ મોટો અન્યાય કરી બેઠાં છીએ. મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ તો "સમગ્ર તરછોડાયેલાઓના તારણહાર" કહીને બિરદાવ્યા છે.

પ્રતિવર્ષ "ભીમોત્સવ" યોજી માત્ર ગુણગાન કે હારતોરામાં "ઈતિ કર્તવ્ય" માની ભૂલી ન જવાય... નવા સંદર્ભે - નવી રીતે સાચી સમજનો ઉજાસ ફેલાવીએ... સૌ કર્મશીલોની ફરજ બની રહે છે કે આ વિરલ વિભૂતિને જન...જન થી માંડીને વિશ્વ ફલક પર વિસ્તારીએ... વિશ્વને એમની મહાનતાનાં દર્શન કરાવીએ...

**સ્પર્શમણિ**

સન્માન સાથે જીવતાં શીખો. ઊંચી મહત્વાકાંક્ષા રાખો. જે સંઘર્ષ કરે છે તે જ કઈક પ્રાપ્ત કરે છે. નિરાશાનો યુગ આથમી ગયો છે. નૂતન યુગનો પ્રારંભ થયો છે.

●●●

વિદ્યા એ તલવારની ધાર જેવી છે. પરંતુ તેનું મહત્વ તેને ધારણ કરનારા ઉપર આધાર રાખે છે કારણ કે અભણ - અણઘડ માણસ કોઈને છેતરી શકતો નથી પણ ભણેલા ગણેલા લોકો પાસે કોને કેવી રીતે છેતરવા જરૂરી જરૂરી યુક્તિ-પ્રયુક્તિ, સાચાને ખોટું ને ખોટાને સાચું કરી છેતારમણ કરી શકે છે તેથી ભણેલામાં નૈતિકતા હોવી જરૂરી છે.

Rasikvaland1965@gmail.com

## મનનાં ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

મને એમ કે એ જ હશે, એના વિના કોણ ધક્કે ચડે?
પણ તો, આ સ્ટેન્ડ પર રહી ગયું તે કોણ?
જોયું તો એ જ ! એ જ પેલો
છેલ્લો માણસ!
હું એને ઓળખું છું -
મારી પડોશમાં જ કયાંક રહે છે એ.
આખીય રાત એણે પ્રવેશદ્વારની
બહાર ઊભેઉભે ગાળી છે,
એને એમ કે, કાલે તો હું ક્યૂમાં
પહેલો જ હોઈશ.
પણ મેં સવારે એને જોયો તો
ક્યૂમાં... ઊભો છેક છેલ્લે.
મને ઘણીવાર થાય છે કે
આવ્યો આ હમણાંક તો ક્યૂ તોડતોક ને....
પણ એ તો ધીરજથી ઊભો
દરેક ક્યૂમાં છેક છેલ્લે...
બધી ક્યૂમાં આ છેલ્લે માણસનો ચહેરો તો
એક જ છે હોલવાયેલો સૂરજ જેવો.
કદાચ તમેય જોયો હશે...

- ઉશનસ્

## જ્વેલર્સ હડતાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમારી કોર કમિટિની બેઠક આજે સવારે મળી હતી જેમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. તેમની માંગણીઓ ઉપર દબાણ લાવવાના હેતુસર દેશભરના જ્વેલર્સ દ્વારા ગયા સપ્તાહમાં ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એક્સાઈઝ એક્શન કમિટિની રચના કરી હતી. જીજેએના પ્રમુખ ઝવેરીભાઈ ઝવેરી આ કમિટિના સભ્ય તરીકે છે. ગયા સપ્તાહમાં બેઠકોનો દોર ચાલ્યો હતો. બીજી માર્ચથી ગુજરાતભરના ૫૦૦૦૦થી વધુ જ્વેલર્સ હડતાળ ઉપર હતા. એક ટકા એક્સાઈઝ ડ્યુટી લાગૂ કરવાના વિરોધમાં દેખાવો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બે લાખથી વધુનું લેવડદેવડ માટે પાન નંબરને ફરજિયાત બનાવવાની જોગવાઈના કારણે પણ જ્વેલર્સ નારાજ હતા. જ્વેલર્સની હડતાળના કારણે ગુજરાતમાં નુકસાનનો આંકડો ૧૨૦૦૦ કરોડ સુધી પહોંચ્યો હતો.

## ઉત્પાદન વધશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્પાદનમાં વધારો અને મોંઘવારીમાં ઘટાડો જોવા મળશે.વર્ષ ૨૦૧૪-૧૫ (જુલાઈ-જૂન) માં દેશમાં કુલ અનાજનું ઉત્પાદન ૨૫.૨ કરોડ ટન રહ્યો હતો. જે આ પહેલા ૨૬.૫ કરોડ ટન રેકોર્ડ ઉત્પાદન કરતાં ઘણું ઓછું હતું. પાછલા વર્ષે ખરીફ સીઝનમાં ઉત્પાદન ઘટવાનું મુખ્ય કારણ ૧૪ ટકા ઓછો વરસાદ થયાનું માનવામાં આવે છે. આ વખતે ખરીફ સીઝનમાં ઉત્પાદન વધવાથી દેશમાં કુલ અનાજ ઉત્પાદનમાં ૧૦ ટકા જેટલો વધારો જોવા મળી શકે છે.ઓછા વરસાદના કારણે કૃષિ ઉત્પાદનમાં હાલમાં ઘટાડો થઈ રહ્યો હતો. આ જ કારણસર વર્ષ ૨૦૧૪-૧૫માં કૃષિ ઉત્પાદન દરમાં માત્ર ૧.૩ ટકાનો વધારો થયો હતો. જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬માં માત્ર બે ટકાનો વધારો થયો હતો. આ ચાર ટકાના લક્ષ્યાક કરતા ઓછો રહ્યો હતો. ભારતના જીડીપીમાં કૃષિનુ યોગદાન માત્ર ૧૫ ટકા છે. પરંતુ અમારી અડધાથી વધારે વસ્તી આ ક્ષેત્ર પર આધારિત છે.

## એફઆરઆઈની માગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધણી કરવાની માંગ કરતી અરજીનો વિરોધ કરતા એટર્ની જનરલે કહ્યું હતું કે, માયાવતીને દાન સાથે સંબંધિત મુદ્દાઓમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા સુનાવણી કરવામાં આવી ચુકી છે અને માયાવતીને દરેક કેસમાં ક્લીનચીટ મળી ગઈ છે. માયાવતીના વકીલે કહ્યું છે કે, આ કેસમાં હવે નવું કશું જ નથી. બસપના પૂર્વ સભ્ય અને માયાવતીના વકીલ કમલેશ વર્માએ કહ્યું છે કે, આ કેસ રાજકીય રીતે પ્રેરિત છે. સીબીઆઈએ ઓક્ટોબર ૨૦૧૩માં આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવા બદલ માયાવતી સામે તેની તપાસને બંધ કરી દીધી હતી. હવે નવેસરથી બિનજરૂરીરીતે આ મુદ્દાને ઉઠાવવામાં આવી રહ્યો છે. માયાવતી અપ્રમાણ સંપત્તિ કેસમાં કાયદાકીય ગૂંચનો સામનો કરતા રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે માયાવતી સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં ફરી એકવાર સકંજો જમાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટ આ અરજી પર સુનાવણી કરવા સહમત થઈ ગઈ છે. જો કે સુનાવણી ક્યારે થશે તે સંદર્ભમાં હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. અપ્રમાણ સંપત્તિ કેસ માયાવતીને ફરીવાર મુશ્કેલીમાં મુકી શકે છે.

## મહાચંડી કોટિયાગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧ કરોડ આહુતિ આપવામાં આવશે. દરેક કુંડમાં બે યજમાન બેસશે. આ મહાચંડી કોટીયાગમાં ૨૦૭ બ્રાહ્મણો દ્વારા નવ દિવસ સુધી મંત્રોચ્ચાર કરાશે. આ મહાચંડી કોટીયાગમાં ચાર વેદોના વિદ્વાન સોલા ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારો વૈદિક મંત્રોચ્ચાર કરશે.આ પ્રસંગે આચાર્ય હરનારાયણભાઈ પંડયા, પુ શંકરાચાર્ય સ્વામી,સ્વરૂપાનંદજી સરસ્વતિ મહારાજ તેમજ ઉપાચાર્ય સુરેશચંદ્ર ભટ્ટ ઉપસ્થિત રહેશે. કોટીયાગનો શુભારંભ તા ૧૪ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે થશે. જયારે તા ૨૨ એપ્રિલના રોજ પુર્ણાહુતિ કરાશે.

## લગ્નસરાની મોસમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોર્પોરેશનની ચુંટણીનુ બ્યુગલ ફુંકાતા બપોરના આકરા તાપ વચ્ચે ઉમેદવારોએ પ્રચાર કરવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે આકરા તાપના લીધે સેકટરોમાં પણ દિવસ દરમિયાન સન્નાટો જોવા મળી રહયો છે. એકતરફ ગરમી ઉગ્ર બની રહી છે. આવા સંજોગોમાં મતદાનની પ્રક્રીયાને પણ હવે ગણતરીના દિવસો જ બાકી રહયા છે. જયારે મતદાનના દિવસે જ લગ્ન માટેનુ પણ ઉત્તમ મુહુર્ત હોવાથી ઉમેદવારોમાં મતદાનને અનુલક્ષી ચિંતા પેઠી છે. લગ્નસમારંભની મોસમના લીધે ચુંટણી મેદાનના મુહુર્તિયાઓ ચિંતામાં ગરકાવ થયા છે. જયારે વેકેશનની સિઝન હોવાથી શહેરમાં આમપણ ખાલીપો જોવા મળી રહયો છે. ગરમી વેકેશન અને લગ્ન સિઝનની નિખરતી મોસમ વચ્ચે મહાનગરપાલિકાના ચુંટણી જંગમાં ઉતરેલા મુહુર્તિયાઓએ ચોઘડીયુ સાચવી લેવુ પડે તેવી સ્થિતિ છે. લગ્નસરાની મોસમના લીધે મહાનગરપાલિકાની ચુંટણીમાં મતદાનની પ્રક્રીયા પ્રભાવિત થાય તેવા એંધાણ વર્તાઈ રહયા છે. મતદાનના દિવસે જ શહેરમાં ચૈત્રના ધોમધખતા તાપ સાથે લગ્નની મોસમ પુરબહારમાં નિખરશે ત્યારે મતદારોને બુથ સુધી લઈ આવવા માટે પણ વધુ પરસેવો પાડવો પડશે.

## અગનજ્વાળા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ શેરડીના રસના કોલા પર પણ ભારે ભીડ જોવા મળે છે. વેકેશનની સાથે ગરમીની મોસમ નિખરતા દિવસના સન્નાટા બાદ સાંજ ઢળતા જ નગરના માર્ગો પર ધમધમાટ જોવા મળે છે. આકરી ગરમીમાં શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. સેવાભાવી આગેવાનો દ્વારા રાહ જતા વટેમાર્ગુઓ માટે મિનરલ પાણીની પરબ શરૂ કરી દેવામાં આવી છે. જયારે પશુપ્રમીઓ દ્વારા પણ ઘાસચારો તેમજ પાણીની સુવિધા કરવામાં આવી છે. શહેરીજનોએ અબોલ પશુઓ માટે પક્ષી પરબ મુકી દીધા છે. જયારે ઘરો અને ઓફિસોમાં એ સી ધમધમતા થઈ ગયા છે. ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચતા આગામી દિવસોમાં પણ ઉનાળો વધુ આકરો બને તેવી શકયતા છે.